# એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસ(ટેકનીકલ )

એલ.ડી કોલેજ ઓફ એન્જિનિયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ -૩૮૦ ૦૧૫

## ડિગ્રી આર્કિટેક્ચર અભ્યાસક્રમો ચલાવતી સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે નોન એલોટમેન્ટ ના લીધે ખાલી રહેલી બેઠકો પર ઓફ લાઈન પ્રવેશ બાબતે (પ્રવેશ વર્ષ૨૦૨૩-૨૪)

ટેકનીકલ શિક્ષણ સંચનાલયના તાબા હેઠળની ડિગ્રી આર્કિટેક્ચર અભ્યાસક્રમો ચલાવતી રાજ્યની સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે રાઉન્ડ-૨ ની પ્રવેશ **કાર્યવાહી બાદ ની નોન એલોટમેન્ટ, નોન રીપોર્ટીંગ અને પ્રવેશ રદ કરવાના કારણે ખાલી રહેલી બેઠકોનો પ્રવેશ કાર્યવાહી નીચે મુજબ છે. ઉક્ત સંસ્થાઓ માટેની ખાલી રહેલી બેઠકો પ્રવેશ સમિતિ ની વેબસાઈટ** https://acpc.gujarat.gov.in/b-arch-courses **ઉપર ઉપલબ્ધ થશે.**

**પ્રવેશ કાર્યક્રમ :**

| Sr. No. | Activities | Date |
|---|---|---|
| 1 | Vacant Seat Admission : SFI<br>• Application Form Distribution<br>• Merit List Declaration on Institute Website | From 21.08.2023 |
| 2 | Admission Counselling at Institute level | From 29.08.2023 |
| 3 | Last Date of Admission at SFI Institute Level (as per COA academic calendar) | 01.09.2023 |

ખાલી પડેલ બેઠકો પર પ્રવેશ કાર્યવાહી તા.21.08.2023 થી જે તે સંસ્થાસ્તરે યોજાશે. જેનો પૂરો કાર્યક્રમ સદર સંસ્થાએ તેમના વેબસાઈટ પર મુકવાનો રહેશે. ઉમેદવારે (૧) જે-તે સંસ્થાના નોટીસ બોર્ડ અને વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ખાલી બેઠકોનો અભ્યાસ કરી (૨) સ્વનિર્ભર સંસ્થાઓની ફી ને ધ્યાને રાખી સંબંધિત સંસ્થાઓ ખાતે સંસ્થા દ્વારા જાહેર કરેલ કાર્યક્રમ મુજબ જે તે સંસ્થા ખાતે માન્ય ફી રૂ. ૩૫૦/-(ACPC માં રજીસ્ટ્રેશન ન કરાવેલ ઉમેદવારો માટે) ભર્રીને પ્રવેશ ફોર્મ મેળવી સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ જમા કરાવવાનું રહેશે. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી સંસ્થા સ્તરે કરવાની રહેશે. જે તે સંસ્થાના પ્રવેશ કાર્યક્રમ અનુસાર ઉમેદવારે સ્વખર્ચે જે તે સંસ્થા ખાતે જવાનું રહેશે. અગાઉનો પ્રવેશ સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ પ્રવેશ રદ થતા ઉમેદવારને ફી રીફંડ, સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામા ના નિયમ "Cancellation Of Admission And Refund Of Fees" પ્રમાણે થશે.

પ્રવેશ કાયમ કરાવવા માટે અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે આવશ્યક હોઈ સાથે રાખવાના રહેશે. ઉમેદવારે કોઇ પણ અસલ પ્રમાણપત્રો સંસ્થા ખાતે જમા કરાવવા ના રહેશે નહિ. પ્રવેશ મળશે જ તેની કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી.

તા. 21.08.2023

-મેમ્બર સેક્રેટરી

**Help Line Number : 079-26566000 (24 × 7)**